ક્રમાંક: રાપબો/ઉચ્ચકલા પરીક્ષા/પરીણામ/૨૦૧૯/૩૫૯૬-૩૬૦૩

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા.
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર-૨૧, ગાંધીનગર
ઇ-મેલ: gseb21@gmail.com
તારીખ: ૦૫/૦૭/૨૦૧૯

**જાહેરનામુ:-**

**વંચાણે લીધા: (૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક: રાપબો/ઉચ્ચકલા/૨૦૧૮-૧૯/૨૫૩-૨૭૩, તા:૨૨/૦૧/૨૦૧૯**
**(૨) અત્રેની કચેરીના સુધારેલ જાહેરનામા ક્રમાંક: રાપબો/ઉચ્ચકલા/૨૦૧૮-૧૯/૨૦૭૯-૯૮, તા:૧૯/૦૩/૨૦૧૯**

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા. ગાંધીનગર દ્વારા ઉચ્ચકલા પરીક્ષા માટે આમુખ-૧ અનુસાર બહાર પાડેલ જાહેરનામામાં ભારતીય ચૂંટણીપંચ દ્વારા ગુજરાત માટે જાહેર થયેલ લોકસભા ચૂંટણી-૨૦૧૯ની તારીખને અનુલક્ષીને શિલ્પ પાંચમા વર્ષની પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરવામાં આવેલ હતો. આમુખ-૨ અનુસાર આ અંગેનું સુધારેલ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ હતું. ઉપરોક્ત જાહેરનામા અન્વયે એપ્લાઇડ આર્ટ્સ પાંચમું વર્ષ, ડ્રોઇંગ & પેઇન્ટીંગ પાંચમું વર્ષ અને શિલ્પ પાંચમું વર્ષ પરીક્ષા વર્ષ-૨૦૧૯ વિવિધ કેન્દ્રો પરથી લેવામાં આવી હતી. એપ્લાઇડ આર્ટ પાંચમું વર્ષ, ડ્રોઇંગ & પેઇન્ટીંગ પાંચમું વર્ષ અને શિલ્પ પાંચમું વર્ષ પરીક્ષાનું પરીણામ આજ તા.૦૫/૦૭/૨૦૧૯ ના રોજ જાહેર કરવામાં આવે છે. ઉક્ત તમામ પરીક્ષાના પરીણામ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઇટ www.sebexam.org પર પણ જોવા મળશે. સંબંધિત સંસ્થાના ઉપસ્થિત થયેલ ઉમેદવારોના માર્કશીટ/પ્રમાણપત્ર/માઇગ્રેશન સંસ્થાના આચાર્યશ્રીને મોકલી આપવામાં આવશે. જે સંસ્થાના આચાર્યશ્રીએ સંસ્થાના રેકર્ડ સાથે ચોક્કસાઇ પૂર્વક ચકાસણી કરી, સંબંધિત તાલીમાર્થીઓને સત્વરે સુપ્રત કરવાનાં રહેશે.

**ઉચ્ચકલા પરીક્ષા પરીણામ - ૨૦૧૯ ની વિગત નીચે મુજબ છે.**

| ક્રમ | પરીક્ષાનું નામ | કુલ ઉમેદવાર | ઉપસ્થિત ઉમેદવારો | પાસ | નાપાસ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ૧ | એપ્લાઇડ આર્ટ પાંચમુ વર્ષ | 75 | 75 | 74 | 1 | 98.67% |
| ૨ | ડ્રોઇંગ & પેઇન્ટિંગ પાંચમું વર્ષ | 18 | 18 | 18 | 0 | 100% |
| ૩ | શિલ્પ પાંચમું વર્ષ | 2 | 2 | 2 | 0 | 100% |

જે ઉમેદવાર ઉત્તરવહીના ગુણ ચકાસણી કરાવવા ઇચ્છતા હોય તેમણે તે અંગેની અરજી (રીચેકિંગનું ફોર્મ) તથા ગુણ ચકાસણી ફી **વિષય દીઠ રૂ.૧૦૦/-** (અંકે રૂપિયા સો) ભરવાની રહેશે. આ મુજબ ગુણ ચકાસણી ફીની કુલ રોકડ રકમ તથા અરજી પરીણામ જાહેર કર્યા તારીખથી દિન-૭ માં, તા:૧૨/૦૭/૨૦૧૯ સુધીમાં ઉમેદવારે પોતાની સંસ્થા ખાતે જમા કરાવવાની રહેશે. **તાલીમાર્થીની સીધી અરજી અત્રેની કચેરીએ સ્વીકારવામાં આવશે નહીં**. આ ગુણ ચકાસણી માત્ર થીયરીના વિષયો અને વાર્ષિક પ્રેક્ટિકલ પરીક્ષાની કામગીરીના પેપરોમાં જ થઈ શકશે. ગુણચકાસણી અંગેની અરજીઓ (ફોર્મ) તથા ગુણ ચકાસણી માટે એકત્ર કરેલ ફીની કુલ રકમનો ડી.ડી. સંસ્થાએ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને તા.૧૬/૦૭/૨૦૧૯ સુધીમાં મોકલી આપવાના રહેશે. ગુણ ચકાસણી ફી ની રકમનો આ ડિમાન્ડ ડ્રાફ્ટ **'સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર'** ના નામનો કાઢવાનો રહેશે. આ ફોર્મ અને ડિમાન્ડ ડ્રાફ્ટ જે-તે સંસ્થાએ બોર્ડને મોકલી આપવાની અંતીમ તારીખ વિતિ ગયા બાદ સ્વીકારવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

પ્રતિ
આચાર્યશ્રી, ઉચ્ચકલા કોલેજ (સંબંધિત)

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**
-માન. શિક્ષણમંત્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર
-માન. રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
-કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી, ગાંધીનગર